| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ ) ૨૧૪ | |
|---|---|---|
| Accredited Grade A by NAAC | | |


**સંદર્ભ :- ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદના તા. ૨૫-૧-૨૦૧૭ નો પત્ર**

**પરિપત્ર :-**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ ઇન એઈડ તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદના સંદર્ભિત પત્ર મુજબ રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકોના કોલેજ/યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા બાળકોને શિક્ષણ સહાય આપવાની યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ કોલેજ/યુનિવર્સિટીમાં બહારના (એક્ષટરનલ) વિદ્યાર્થીઓ ને પણ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. જે અન્વયે આ યોજના અંતર્ગત નોધાયેલા બાંધકામ શ્રમિકોના બાળકોને યોજનાને લાભ આપવા શિક્ષણ સહાય અરજી માં સંસ્થાના વડાની સહી કરાવવી ફરજીયાત છે. જે અન્વયે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને આ યોજના હેઠળના બાંધકામ શ્રમિકના બાળકને મુશ્કેલી ન પડે તે માટે અરજી ફોર્મમાં સહી/સિક્કા કરી આપવા જાણ કરવામાં આવે છે.

**બિડાણ :- સંદર્ભિત પત્ર ની નકલ**

કુલસચિવ

નં જોડાણ/૨/ ૨૬૨૭ /૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટી કેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
તા. ૬ -3- ૨૦૧૭

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ ઇન એઈડ તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ તરફ .......

**નકલ સાદર રવાના:-**

૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ..............
૨. ચેરમેનશ્રી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ
૩ . કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

# ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ

"શ્રમભવન" કમ્પાઉન્ડ, રૂસ્તમ કામા માર્ગ, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ટેલીફોન નં. ૦૭૯ -૨૫૫૦૨૨૭૧, ફેક્સ નં. ૦૭૯-૨૫૫૦૨૨૭૨

ઈમેલ: chairmanbocwgui@gmail.com વેબસાઈટ: bocwwb.gujarat.gov.in


જાવક ક્રમાંક :બીઓસી-બોર્ડ/પ્રોજેક્ટ શાખા/ ૬૪૯૨૪/ ૨૫૦૯ /૨૦૧૭. તા.૨૫/૧/૨૦૧૭.

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી.

વિષય: નોંધાયેલા બાંધકામ શ્રમિકના કોલેજ/યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા બાળકોને શિક્ષણ સહાય આપવા બાબત

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, ગજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ દ્વારા રાજ્યમાં નોંધયેલા બાંધકામ શ્રમિકોના કોલેજ/યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા બાળકોને શિક્ષણ સહાય આપવાની યોજના શરુ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ કોલેજ/યુનિવર્સીટીમાં બહારના (એક્ષટરનલ) વિદ્યાર્થીઓને પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. જે ઠરાવની નકલ આ સાથે સામેલ રાખેલ છે. શિક્ષણ સહાય યોજના અંતર્ગત નોંધાયેલા બાંધકામ શ્રમિકોના બાળકોને આ યોજનાનો લાભ આપવા માટે શિક્ષણ સહાયનાં અરજી ફોર્મમાં સંસ્થાના વડાની સહી કરાવવી ફરજીયાત છે. જેથી આ અંગે આપની યુનિવર્સીટી સાથે જોડાણ ધરાવતી કોલેજો/સંસ્થાનાં વડાઓને આ બાબતની જાણ કરવા તેમજ બાંધકામ શ્રમિકના બાળકને મુશ્કેલી ન પડે તે માટે અરજી ફોર્મમાં સહી/સિક્કા કરાવવા કાર્યવાહી કરવા વિનંતી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
23 FEB 2017

સભ્ય સચિવ
ગુજરાત મકાન અને અન્ય બાંધકામ
શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ.

નકલ સવિનય રવાના:

ચેરમેનશ્રી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,અમદાવાદ.